નં.ડીએમ/ ગ્રા.પ.ચૂંટણી/૦૮/૨૦૨૧
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૨૬ /૧૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ—૧૯૭૩ની કલમ—૧૪૪ હેઠળનું જાહેરનામું**

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દવારા તા.૨૨/૧૧/૨૦૨૧ ની અખબારયાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૧૧૨૦૧૬/ક થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવેલ છે. તા.૨૨/૧૧/૨૦૨૧ થી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ઉકત ગ્રામ પંચાયતોની ચૂંટણી—૨૦૨૧ માટેનું મતદાન તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજ યોજાનાર છે.

મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે તેમજ મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઉભો ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું મને જરૂરી જણાય છે.

જેથી હું, **મિતેશ પી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે :—

ગ્રામ પંચાયતોની ચૂંટણી—૨૦૨૧ માટે જામનગર જિલ્લામાં નકકી થયેલ મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો મોબાઈલ ફોન સાથે **તા.૧૯/૧૨/૨૦૨૧ ના સવારના ૭:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી પ્રવેશ કરી શકશે નહિ.**

વધુમાં આદેશ કરૂ છુ કે, મતદાન મથકમાં મોબાઈલ ફોન સાથે પ્રવેશનો પ્રતિબંધ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. ચૂંટણી ફરજ સોંપાયેલ સરકારી અધિકારી અને કર્મચારીને.
૨. ચૂંટણી અધિકારીશ્રીએ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ / કર્મચારીઓ/વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને આઈપીસીની કલમ—૧૮૮ મુજબ સજા થશે. આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ—૧૮૬૦ (૪૫માં અધિનિયમ)ની કલમ—૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દવારા તેની બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૨૬ માહે નવેમ્બર—૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate
Jamnagar District

(મિતેશ પી. પંડયા)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

**નકલ રવાનાઃ—**

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દવારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા સારું.

૨. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય),ધ્રોલ,લાલપુર, જોડીયા, જામજોધપુર.

૩. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,જામનગર શહેર/ ગ્રામ્ય.

૪. મામલતદારશ્રી,
જામનગર (શહેર/ગ્રામ્ય),જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

........... આપશ્રીની કક્ષાએથી સંબધિત ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીને જાણ કરવા સારૂ.

૫. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
જામનગર, જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

૬. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

ઉકત આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવી તેની પાંચ નકલો અત્રેને મોકલાવી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી,જામનગર

સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. આ કચેરીની રાજય ચૂંટણી શાખા

૯. માન્ય રાજકીય પક્ષો (રાજય ચૂંટણી આયોગ શાખા મારફત)

નકલ સવિનય રવાના :—

(૧) સચિવશ્રી,
રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય,
સચિવાલય,ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય,
ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,
જામનગર.